ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૨૪૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : ચૈત્ર વદ ૦૩ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 240 • Dt.15-04-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



P.07

દક્ષિણ અભિનેત્રીનો લિપ-લોક ફોટો વાયરલ થયો, ડેટિંગની અફવાઓને વેગ મળ્યો



P.07

પ્રિયંકા ચોપરા ઋતિક રોશન સાથે જોવા મળી, 'ક્રિશ ૪'માં તેના કામ કરવાની અટકળો ફરી તેજ

યુક્રેનના સુમી શહેરમાં રશિયન મિસાઇલોએ તબાહી મચાવી । ૨૦ થી વધુ લોકોના મોત



07

15
APRIL- 2025
TUESDAY



07

સમય મર્યાદા નક્કી કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયને કેન્દ્ર સરકાર પડકારી શકે



## સાબરકાંઠાના વડાલીમાં સામૂહિક આપઘાતમાં વધુ ૨ બાળકોના મોત

| પ્રતિનિધિ, હિંમતનગર, તા.૧૪ |

સાબરકાંઠાના વડાલીમાં સામૂહિક આત્મહત્યાના બનાવને પગલે ચકચાર મચી ગઈ હતી. જેમાં પાંચ સભ્યોએ અગમ્ય કારણોસર દવા ગટગટાવી હતી. પતિ પત્ની સહિત ત્રણ બાળકોએ દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સગર પરિવારના પતિ-પત્નીના મોત બાદ ૩ બાળકો સારવાર હેઠળ હતા. જેમાં આજે ૨ બાળકોના મોત નિપજતાં સમગ્ર પરિવાર આઘાતમાં છે.સમગ્ર ચકચારી ઘટનાની વિગત એવી છે કે, વડાલીમાં ચોકલી વિસ્તારમાં રહેતા અને સગર વિનુભાઈ મોહનભાઈ તથા તેમના પત્ની અને ત્રણ બાળકો સાથે વડાલીમાં ખેતમજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. વર્ષ ૨૦૨૧ માં ૧,૬૪,૦૩૩ આત્મહત્યા નોંધાઈ હતી, જેમાં પુરુષોનો હિસ્સો ૭૦% થી વધુ હતો.

## એમ.એસ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ આપઘાત કર્યો

| પ્રતિનિધિ, વડોદરા,તા.૧૩ |

એમ.એસ યુનિવર્સિટીમાં ટેકનોલોજી ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ આપઘાત કરતા ચકચાર મચી ગઈ છે. બીજા વર્ષમાં એમ. વિશ્વસરાય છાત્રાલયના હોલમાં ટેકનોલોજીનો અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ પંખા સાથે ચાદર લટકાવીને આત્મહત્યા કરી લીધી છે. પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યો છે.

એમ.એસ. યુનિવર્સિટીમાં ટેકનોલોજી ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ કયા કારણોસર આત્મહત્યા કરી તે હજુ સુધી જાણી શકાયું નથી. મૃતક વિદ્યાર્થી અભિષેક શર્મા મૂળ જમ્મુ-કાશ્મીરના ઉધમપુરથી વડોદરામાં અભ્યાસ કરવા આવ્યો હતો. પોલીસે હોસ્ટેલ વોર્ડનનું નિવેદન નોંધ્યું છે અને વિદ્યાર્થીના મૃત્યુના કેસની વધુ તપાસ કરી રહી છે. એમ.એસ યુનિવર્સિટીમાં ટેકનોલોજી ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ આપઘાત કરતા ચકચાર મચી ગઈ છે.

### સાંસદ રાહુલ ગાંધીની અમદાવાદમાં બેઠક

# મોડાસાથી સંગઠન સર્જન અભિયાનનો પ્રારંભ થશે

**૪૩ પ્રમુખો નક્કી કરવા માટે જે જૂથ બનાવવામાં આવશે તેના કન્વીનર તરીકે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના નિરીક્ષક હશે**

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ |

લોકસભાના વિપક્ષના વડા અને સાંસદ રાહુલ ગાંધી આવતીકાલે અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલય ખાતે ઓરિયેન્ટેશન બેઠક યોજશે અને ૧૬ એપ્રિલ બુધવારથી સંગઠનના સર્જન અભિયાનનો પ્રારંભ મહેસાણાનાં મોડાસાથી કરાવશે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના ૪૩ નિરીક્ષકો, ૭ સહ નિરીક્ષકો સહિત રાજ્યના નિરીક્ષકો અભિયાનમાં જોડાશે તેમ માહિતી પ્રાપ્ત થઈ છે.કોંગ્રેસે ૨૦૨૭ માં ગુજરાતમાં ભાજપ ને હરાવવાનો પડકાર ફેંક્યો છે. ગુજરાતમાં યોજાયેલા રાષ્ટ્રીય સંમેલન પછી કોંગ્રેસ દ્વારા લેવામાં આવેલા સંકલ્પોને અમલમાં મૂકવાની દિશામાં પણ કામ શરૂ થઈ ગયું છે. આગામી દિવસોમાં કોંગ્રેસે જિલ્લા પ્રમુખોને વધુ સત્તા આપવાનો નિર્ણય લીધો છે. આ અંતર્ગત, કોંગ્રેસે ગુજરાતના ૪૧ જિલ્લા પ્રમુખોની પસંદગી માટે એઆઈસીસી અને પ્રદેશ કોંગ્રેસ સમિતિના નેતાઓને નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. ૪૩ પ્રમુખો નક્કી કરવા માટે જે જૂથ બનાવવામાં આવશે તેના કન્વીનર તરીકે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના નિરીક્ષક હશે. જ્યારે ચાર પીસીસી નિરીક્ષકો પણ તેમની સાથે રહેશે.કોંગ્રેસે ૬૪ વર્ષ બાદ ગુજરાતમાં મહાસંમેલનનું આયોજન કર્યું હતું. કોંગ્રેસે આ કામ એવા સમયે કર્યું



છે જ્યારે તે માત્ર રાજ્યોમાં જ સરકાર ચલાવી રહી છે. ગુજરાત ભાજપનો ગઢ છે, છતાં રાહુલ ગાંધીએ આ પગલું ભર્યું છે. આખરે રાહુલ ગાંધી ર્ સ મોદી અને અમિત શાહની જોડીને કેવી રીતે પડકારવા માંગે છે? લોકસભા ચૂંટણીમાં ૯૯ બેઠકો જીતીને પોતાની જાતને થોડી મજબુત બનાવનાર કોંગ્રેસ દેશના ઘણા રાજ્યોમાં દાયકાઓથી સત્તાથી દૂર છે. હિમાચલ પ્રદેશ, તેલંગાણા, કર્ણાટક પછી ઝારખંડ (ગઠબંધન સરકાર) સિવાય દરેક જગ્યાએ કોંગ્રેસ સત્તાથી બહાર છે.૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આપને ૧૪ ટકા વોટ મળ્યા અને માત્ર પાંચ સીટો જીતી પણ કોંગ્રેસની કમર તોડી નાખી. કોંગ્રેસનું અમદાવાદ અધિવેશન ૨૦૨૭ની ચૂંટણીની તૈયારીઓને અનુલક્ષીને જોવામાં આવી રહ્યું છે. લોકસભામાં વિપક્ષના નેતા બન્યા બાદ રાહુલ ગાંધી ત્રીજી વખત રાજ્યની મુલાકાતે આવ્યા છે. ૨૦૨૪માં પહેલીવાર આવ્યો હતો. આ પછી તે ગયા મહિને માર્ચમાં આવ્યો હતો.

## અમદાવાદમાં દંપતિ લૂંટાયા, સોનાની ચેન લૂંટી બે લૂંટારૂઓ ફરાર

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૪ |

અમદાવાદ શહેરમાં એરપોર્ટ વિસ્તારમાં મંદિરેથી પરત ફરતા દંપતીની સોનાની ચેન લૂંટી બે લૂંટારૂઓ ફરાર થઈ ગયા હતા, દંપતીએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં લૂંટારાઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.અમદાવાદ શહેરમાં સરદારનગરનાં નિવાસી સુશિલ જમતાણી પત્ની નેહા સાથે બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે ઈન્દિરાબ્રિજ સર્કલ પાસે બે લૂંટારૂઓ બાઈક પર આવીને નેહાના ગળામાંથી સોનાનો દોરો ઝૂંટવી લીધો હતો. તેમજ સુશિલના ગળામાંથી પણ સોનાની ચેન તોડી ફરાર થઈ ગયા હતા. બંનેની સોનાની ચેનની કિંમત રૂપિયા ૧.૯૫ લાખ હતી. ડરી ગયેલા દંપતીએ એરપોર્ટ પોલીસમાં એફઆઈઆર નોંધાવી છે.અગાઉ અમદાવાદ શહેરના રાયપુરમાં ધોળા દહાડે જ્વેલર્સનો કારીગર લૂંટાયો હતો. સરનામું પૂછવાના બહાને ઠગોએ ૧ કિલો સોનાની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. કાગડાપ ીઠ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી. રાયપુર વિસ્તારમાં બે અજાણી વ્યક્તિઓએ સરનામું પૂછવાનાં બહાને યુવકને લૂંટી લીધો હતો. અશરફ જ્વેલર્સમાં ૧૯ વર્ષીય યુવક સોનું લાવવા લઈ જવાનું કામ કરતો હતો. દરમિયાન શનિવારે બે શખ્સોએ માણેકચોકથી યુવકને રોકી અજાણ્યા સ્થળનું સરનામું પૂછ્યું હતું.

## છોટુ વસાવાના પુત્ર પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાએ ભાજપ સાથે છેડો ફાડ્યો

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ |

ગુજરાતના પૂર્વ ધારાસભ્ય અને અગ્રણી આદિવાસી નેતા છોટુ વસાવાના પુત્ર મહેશ વસાવાએ ભાજપ છોડી દીધું છે. તાજેતરમાં મહેશ વસાવા ભરૂચના પૂર્વ ભાજપ જિલ્લા પ્રમુખ મારુતિ સિંહ અટોદરિયાના માર્ગદર્શન હેઠળ ભાજપમાં જોડાયા હતા. મહેશ વસાવા દેડિયાપાડાના ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે તેમના કામને ન્યાય આપવામાં આવી રહ્યો નથી. આદિવાસી નેતા મહેશ વસાવાએ પક્ષમાંથી રાજીનામું આપતા કહ્યું કે ભાજપમાં કામ કરીને ન્યાય મળતો નથી. મહત્વનું છે કે પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા ૨૦૨૪ માં ભાજપમાં જોડાયા હતા. તેમણે ભારે નિરાશા સાથે પક્ષ સાથેના સંબંધો તોડી નાખ્યા છે. મહેશ વસાવા ડેડિયાપાડાના ભૂતપૂર્વ ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. મહેશ વસાવાએ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની હાજરીમાં ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. ગુજરાતના પૂર્વ ધારાસભ્ય અને અગ્રણી આદિવાસી નેતા છોટુ વસાવાના પુત્ર મહેશ વસાવાએ ભાજપ છોડી દીધું છે. તાજેતરમાં મહેશ વસાવા ભરૂચના પૂર્વ ભાજપ જિલ્લા પ્રમુખ મારુતિ સિંહ અટોદરિયાના માર્ગદર્શન હેઠળ ભાજપમાં જોડાયા હતા. મહેશ વસાવા દેડિયાપાડાના ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે તેમના કામને ન્યાય આપવામાં આવી રહ્યો નથી.

### ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૩૪ મી જન્મ જ્યંતિ

# ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનું જીવન એ સંઘર્ષ અને સફળતાનું માર્ગદર્શક છે : ભૂપેન્દ્ર પટેલ

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારત રત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૩૪ મી જન્મ જ્યંતિએ ભાવાંજલી આપતાં સ્પષ્ટ પણે જણાવ્યુકે, બાબાસાહેબનું જીવન એ સંઘર્ષ અને સફળતાનું માર્ગદર્શક છે.આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે પોતાનો અધિકાર મેળવવા માટે સચોટ અભ્યાસ, વિચારશીલતા અને સામાજિક જાગૃતિ કેટલી જરૂરી છે તે ડૉ. બાબાસાહેબના જીવનમાંથી શીખવા મળે છે. ભારત રત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૩૪મી જન્મજ્યંતિએ ગાંધીનગરમાં આંબેડકર પ્રતિમાને શ્રધ્ધાસુમન અપ ર્ણ કરવાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપ ેન્દ્ર પટેલ સાથે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને સામાજિક ન્યાય



અને અધિકારીતા મંત્રી ભાનુ બહેન બાબરિયા પણ સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ આ અવસરે ઉપસ્થિત મેદનીને સંબોધન કરતા કહ્યું કે, ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના યોગદાન અને પરિશ્રમથી જે બંધારણ ઘડવામાં આવ્યું અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો તેનું પણ આ ૭૫મું વર્ષ છે. એટલે આ વર્ષની આંબેડકર જ્યંતિ ખાસ અવસર છે.તેમણે ઉમેર્યું કે, બાબા સાહેબે સમગ્ર સમાજ માટે સમાનતા, ન્યાય અને આધુનિકતાના આધારે ભારતનું બંધારણ ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. મુખ્યમંત્રીભૂપ ેન્દ્ર પટેલે તારીખ ૧૪ એપ્રિલથી ૨૪ એપ્રિલ સુધી સમગ્ર રાજ્યમાં ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર સન્માન અભિયાન ચલાવવાનું છે તેની પણ ભૂમિકા આપી હતી. બાબા સાહેબ હંમેશા માનતા હતા કે સામાજિક ન્યાય વગર માનવતાની કલ્પના અધૂરી છે. શિક્ષણ, સંઘર્ષ અને સંગઠન એ ત્રણેય જરૂરી છે. એવો તેમનો સ્પષ્ટ મત હતો એમ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ હતું.ડૉ. બાબાસાહેબે જીવવા માટે આપણી પાસે વિચારવાની, વર્તનની અને વિશ્વાસ રાખવાની સ્વતંત્રતા હોવી જોઈએ તેવા વ્યક્ત કરેલા વિચારોનો પણ મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારોને જીવનમાં ઉતારીને સામાજિક સમાનતા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સંકલ્પ નાના વિકસીત ભારતજ૨૦૪૭ માટે સતત પ્રયત્નશીલ રહેવા સૌને પ્રતિબધ્ધ થવાનું આહવાન આ અવસરે કર્યું હતું.

## જૂનાગઢના વંથલીમાં પત્નીના અફેરથી કંટાળી એસટી કર્મચારીએ આપઘાત

| પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧૪ |

જૂનાગઢના વંથલીમાં પત્નીના અફેરથી કંટાળી જી કર્મચારીએ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. દિપક અગ્રાવત નામના એસ.ટી. બસના કર્મીએ પ ત્ની અને તેનો પ્રેમી શ્યામ શાહના માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના ત્રાસથી જીવન ટૂંકાવ્યું છે. મૃતકના પુત્ર મોહિત અગ્રાવતે પ ોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી છે.જૂનાગઢ જીલ્લાના વંથલીમાં વાડલા ફાટક પાસે રહેતા દિપક અગ્રાવત નામના ૪૪ વર્ષીય એસટી કર્મચારીએ આપઘાત કર્યો છે. મૃતકની પત્ની અને પ્રેમી શ્યામ શાહ દ્વારા દિપકને ત્રાસ અપાતો હતો. મૃતક દિપકના પત્ની ઘણા સમયથી દુબઈમાં નોકરી કરે છે. પ્રેમી શ્યામ માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. પત્ની અને પ્રેમીના ત્રાસથી ૪૪ વર્ષીય આધેડે જીવન ટૂંકાવ્યું છે. મૃતકના પુત્ર મોહિત અગ્રાવતએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે મૃતકની પત્ની દક્ષા અને તેના પ્રેમી શ્યામ શાહ સામે ગુનો નોંધ્યો છે.અગાઉ સુરતમાં ઈન્ડિયન બેંકના મેનેજરના આપઘાતના કેસમાં અંતે પ ોલીસે પરિણીત પ્રેમિકા વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. જેમાં સુરતની અડાજણ પોલીસે પ્રેમિકા સામે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.



હાર્દિક હુંડિયા એ કહ્યું કે સાગર ચંદ્ર સંસાર નો રસ્તો પકડી લે

# સાધ્વી સાથે નગ્ન અવસ્થામાં સાગરચંદ્રનો વાયરલ ફોટો તપાસમાં સાચો નીકળ્યો

**સાગરચંદ્રના સાધુ વેશનો શક્ય તેટલી વહેલી તકે બહિષ્કાર કરવો જોઈએ અને તેમને સાંસારિક વસ્ત્રો પહેરાવીને સંસાર માં વિદાય આપવી જોઈએ**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

જૈન મુનિ સાગરચંદ્ર સાગર અને સાધ્વીની નગ્ન અવસ્થામાં વાયરલ થયેલી વિડીયો ચેટની તસવીરો જે ઘણા સમયથી ચર્ચામાં હતી, તે આખરે ફોરેન્સિક તપાસમાં સાચી સાબિત થઈ છે. આ ફોટોગ્રાફસ સાથે કોઈ છેડછાડ કરવામાં આવી નથી. એનો અર્થ એ થયો કે સાગરચંદ્રએ પોતે સાધ્વી સાથે આવું અભદ્ર કૃત્ય કરીને સમગ્ર જૈન સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી છે. સાગરચંદ્રના આ દુષ્કર્મ સામે અવાજ ઉઠાવનારા હાર્દિક હુંડિયાએ દેશના તમામ સંઘો પાસેથી માંગ કરી છે કે હવે જ્યારે સાગરચંદ્ર સાગરનું સંપૂર્ણ સત્ય બહાર આવી ગયું છે, તો સાગરચંદ્રના સાધુ વેશનો શક્ય તેટલી વહેલી તકે બહિષ્કાર કરવો જોઈએ અને તેમને સાંસારિક વસ્ત્રો પહેરાવીને સંસાર માં વિદાય આપવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે સાગરચંદ્ર સાગરે પોતાની સાધ્વી સાથે વાયરલ થયેલા અશ્લીલ ફોટા અંગે નિવેદન આપ્યું હતું કે આ બધી તસ્વીરો નકલી છે અને આવી કોઈ તસવીર અસ્તિત્વમાં નથી અને સાગરચંદ્ર આ ઘટના પર પણ આશ્ચર્યચકિત થવાનો ડોળ કરી રહ્યા હતા. સાગરચંદ્રએ પણ નકલી તપાસ અહેવાલ રજૂ કર્યો હતો. પછી



જ્યારે આ ફોટોગ્રાફસની સરકાર માન્ય લેબમાં તપાસ કરવામાં આવી, ત્યારે રિપોર્ટ સાચો હોવાનું જાણવા મળ્યું. એનો અર્થ એ કે હવે સાગરચંદ્ર સાગરનું જુઠ્ઠાણું સંપૂર્ણપણે ખુલ્લું પડી ગયું છે.

પાપ સામે ધર્મ માટે લડતા જૈન મહાસંઘના ઉપપ્રમુખ જગત પરીખે જણાવ્યું હતું કે પંચમહાવ્રતનું પાલન કરનારા જૈન સાધઓનો ધર્મ ત્યાગનો હોય છે. તેમણે પરિગ્રહ અને બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ જે તેમના માટે મુશ્કેલ છે. વર્તમાન સમયમાં, ક્યાંક ને ક્યાંક, કેટલાક સાધુઓ ઓમાં શિથિલતા આવી રહી છે અને હાલમાં બ્રહ્મચર્ય અને પરિગ્રહમાં મહત્તમ શિથિલતા સાગરચંદ્ર સાગરની અંદર જોવા મળી રહી છે. તેનો બહિષ્કાર કરવો જોઈએ.

અન્ય એક જૈન યુવક પ્રિયાંક શાહે કહ્યું કે જ્યારે સાગરચંદ્ર સાગરનો પહેલો રિપોર્ટ આવ્યો અને તેમણે સમાજ સમક્ષ રજૂ કરેલો રિપોર્ટ આવ્યો, ત્યારે જ મને શંકા થઈ કે આ રિપોર્ટ ખોટો છે. તેથી તેમણે બીજી ફોરેન્સિક લેબમાં રિપોર્ટ કરાવ્યો અને તે રિપોર્ટમાં, સાગરચંદ્ર સાગર દ્વારા કરવામાં આવેલા દુષ્કર્મો અને વાયરલ થયેલા ફોટા સાચા સાબિત થયા.

જ્યારે પ્રિયાંક શાહે સાગરચંદ્ર સાગરના ફોટાનો રિપોર્ટ આપનાર વ્યક્તિ સાથે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે અમે ફક્ત તે જ ફોટાનો રિપોર્ટ આપ્યો છે જે તેમને મળ્યા હતા. પરંતુ જ્યારે તેણે ફોટા માંગ્યા, ત્યારે તેઓએ તે આપ્યા નહીં. હું સાગરચંદ્ર સાગરને પણ વિનંતી કરું છું કે તમે જે ફોટોગ્રાફસના આધારે સમાજ સમક્ષ અહેવાલ રજૂ કરી રહ્યા છો તે જાહેર કરો. મુંબઈથી આવેલા ઓલ ઈન્ડિયા જૈન જર્નાલિસ્ટ એશોસિયેશન નાં રાષ્ટ્રીય સ્થાપક અધ્યક્ષ હાર્દિક હુંડિયાએ કહ્યું કે એક તરફ સાગરચંદ્ર સાગર કહે છે કે જ્યારે મારા હાથમાં ફોટોગ્રાફસ આવ્યા ત્યારે મને પણ આશ્ચર્ય થયું કે જ્યારે ઘટના બની જ નહોતી તો પછી ફોટોગ્રાફસ ક્યાંથી આવ્યા. હાર્દિક હુંડિયાનો સાગરચંદ્ર સાગરને પ્રશ્ન છે કે જ્યારે ઘટના બની ન હતી, ત્યારે લેબને કયા ફોટા આપવામાં આવ્યા હતા? સાગરચંદ્ર પોતાના શિષ્યને પૂછે છે કે, તમે મારો ફોટો કેમ વાયરલ કર્યો? જૈન સંતો ક્યારેય જૂઠું બોલતા નથી, પરંતુ સાગરચંદ્ર સાગર એક પછી એક જૂઠું બોલીને જૂઠાણાંને સાચુ સાબિત કરી શકતા નથી.

---

ગુજરાતનું યુવાધન બરબાદ થઈ રહ્યું છે', દરિયામાંથી ડ્રગ્સ ઝડપાયા બાદ ગરમાઈ ગુજરાતની રાજનીતિ

## ખાનગી બંદર પરથી અનેક વખત ડ્રગ્સ પકડાય છે પણ કોઈ તપાસ નથી થતી : કોંગ્રેસ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

ગુજરાતના દરિયામાંથી ફરી એકવાર ડ્રગ્સનો મોટો જથ્થો પકડ્યો છે. ભારતીય કોસ્ટ ગાર્ડ અને ગુજરાત ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડએ એક મોટું ઓપરેશન પાર પાડ્યું છે. કોંગ્રેસે ગુજરાત સરકાર પર ડ્રગ્સ ઝડપાવા મામલે સવાલ ઉઠાવ્યા છે. દરિયામાંથી ડ્રગ્સ ઝડપાયા બાદ ગુજરાતની રાજનીતિ ગરમાઈ છે. ભારતીય કોસ્ટગાર્ડ અને એટીએસે ૧ હજાર ૮૦૦ કરોડ રૂપિયાની કિંમતનો ૩૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો પકડ્યો છે.પાકિસ્તાની ડ્રગ્સ સ્મગલર ભારતમાં ૪૦૦ કિલો ડ્રગ્સની હેરાફેરી કરવાનો હોવાની એટીએસને બાતમી મળી હતી. આ ડ્રગ્સ તમિલનાડુમાં લઈ જવાની યોજના હતી. આ બાતમીને આધારે કાર્યવાહી કરીને એટીએસ અને ઈન્ડિયન કોસ્ટગાર્ડે ડ્રગ્સની હેરાફેરી પર પાણી ફેરવી દીધું. તો બીજી બાજું એટીએસ અને ઈન્ડિયન કોસ્ટગાર્ડની કામગીરીને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ બિરદાવી છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને એટીએસ અને આઈસીજીને અભિનંદન આપ્યા. ગુજરાત કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા મનીષ દોશીએ રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરીને સવાલો પણ ઉઠાવ્યા છે, તો ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે પણ રાજ્ય સરકાર પર પ્રહાર કર્યા છે.

---

## મોબાઈલ બાબતે પતિ પત્ની વચ્ચે થઈ બબાલ, પરણિતાએ આપઘાત કર્યો

। પ્રતિનિધિ, દાહોદ, તા.૧૪ ।

પંચમહાલ જિલ્લાના ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં આવેલી હરીકૃપા સોસાયટીમાં પરણિત મહિલાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો છે. પતિ પત્ની વચ્ચે મોબાઈલ ફોન બાબતે બોલાચાલી થતા પત્નીને લાગી આવતા પોતાના ઘરમાં જ પંખા ઉપર ઓઢણી વડે ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો છે. મૃતક પત્નીના મૃતદેહને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે લાવવામાં આવ્યો છે. બનાવની જાણ ગોધરા શહેર પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

જણાવી દઈએ કે, ટેકનોલોજીના જમાનામાં લોકો હવે પરિવારથી દૂર થતા જાય છે અને મશીનોના ગુલામ બની જાય છે. મોબાઈલનું વળગળ લોકોને આત્મહત્યા સુધી પ્રેરે છે. મળતી માહિતી મુજબ ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં રહેતા ચેતના વિપુલભાઈ પટેલ નામની પરણિત મહિલાએ મોબાઈલ ફોન બાબતે લાગી આવતા મોતને વ્હાલુ કરી લેતા ખળભળાટ મચી ગયો છે. બનાવની જાણ ગોધરા શહેર પોલીસને થતા ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

---

## બનાસકાઠામાં પુત્રએ સગી માને પાવડાના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૧૪ ।

આ ઘોર કળિયુગમાં ઘણા એવા કિસ્સાઓ સામે આવતા હોય છે જે ખરેખર ચોકાવનારા હોય છે. આવો જ એક હચમચાવતો હત્યાનો કિસ્સો બનાસકાંઠા જિલ્લામાંથી સામે આવ્યો છે. આ કિસ્સા વિશે માત્ર વિચારતા જ તમારા પગ નીચેથી જમીન સરકી જાશે. આ હત્યાનો બનાવ બનાસકાંઠાના વડગામ પંથકનો છે. જ્યાં એક પુત્રએ જ પોતાની સગી માતાની હત્યા કરી છે. સગા પુત્રએ પોતાની માતાના માથાના ભાગે પાવડાના ઘા ઝીંકી કાસળ કાઢી નાંખ્યું છે. પરંતુ એવું તો મા અને દીકરા વચ્ચે શું થયું? કેમ આ કપૂત પુત્ર એ પોતાની જનેતાનું જ કાસળ કાઢી દીધું? જે માતાએ પોતાની કોખમાં નવ નવ મહિના રાખી લાડકોટથી જેને ઉછેર્યો તે પુત્રએ જ તમામ હદો વટાવી તેને મોતને ઘાટ ઉતારી દીધી? આવા તમામ સવાલોના જવાબ જાણવા માટે વાંચો સંપુર્ણ ઘટનાક્રમ...

બનાવની વિગતવાર વાત કરીએ તો, ગત ૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ વડગામ તાલુકામાં શેરપુરા (સેભર) ગામમાં એક મહિલાની હત્યાનો બનાવ બન્યો હતો. જેની જાણ વડગામ પોલીસને થતા જ પોલીસ એફએસએલની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી હતી. જ્યાં પહોંચતા જ માથાના ભાગે ઈજા પહોંચેલો લોહી લુહાણ હાલતમાં મહિલાનો મૃતહેદ મળી આવ્યો હતો. પોલીસને તેનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્ટિપલ ખસેડ્યો અને વધુ તપાસ હાથ ધરી હતી.

આ હત્યાના બનાવ અંગે મૃતકના પતિ સુરેશભાઈએ પોતાના જ પૂત્ર પરિમલ કટારીયા વિરુદ્ધ પોલીસને ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ મૃતક મહિલાનું નામ મધુબેન કટારીયા છે. જેનો દિકરો પરિમલ કટારીયા છેલ્લા બે વર્ષથી ગુસ્સામાં રહી અવારનવાર ઝઘડા કરતો હતો. આવી જ રીતે ગત ૯ એપ્રિલે કોઈ અગમ્ય કારણોસર માતા અને પુત્ર વચ્ચે બોલાચાલી થઈ હતી.







## તંત્રી લેખ...

# બાઇડન પોતાના પૂર્વવર્તી ડોનાલ્ડ ટ્રમ્પ જેટલા જ વિભાજનકારી સાબિત થયા

ઓક્ટોબરમાં જારી પોતાની રાષ્ટ્રીય સુરક્ષા રણનીતિમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને ઘરેલુ સ્તર પર લોકતંત્રને પહોંચેલી ક્ષતિની ભરપાઈનો વાયદો કર્યો હતો. જોકે, એવું થતું દેખાતું નથી. અમેરિકી ઈતિહાસમાં પહેલી વાર કોઈ પૂર્વ રાષ્ટ્રપતિ પર અભિયોગથી એ જ લાગે છે કે પહેલાં કરતાં કડવાશભર્યા ધ્રુવીકરણવાળા અમેરિકામાં આ ખાઈ વધુ પહોળી થશે. રાષ્ટ્રપતિ રૂપે રાષ્ટ્રીય સ્તર પર મિલન અને દેશને દિલાસો આપવાને બદલે બાઈડન પોતાના પૂર્વવર્તી ડોનાલ્ડ ટ્રમ્પ જેટલા જ વિભાજનકારી સાબિત થયા. બીજી તરફ અભિયોગનાં પડળો ખૂલ્યા બાદ ટ્રમ્પ વિરુદ્ધ કેસ આશા કરતાં કમજોર લાગે છે. ત્યાં સુધી કે પાર્ટીમાં ટ્રમ્પના પ્રતિદ્વંદ્વી અને ટીકાકાર રહેલા મિટ રોમની જેવા નેતાઓએ ટ્રમ્પના વિરુદ્ધ કેસને ફગાવતાં તેને રાજકીય એજન્ડાથી ઓતપ્રોત ગણાવ્યો. જ્યારે કાયદા વિશેષજ્ઞોનું માનવું છે કે રાજકીય પ્રતિદ્વંદ્વીઓ પાછળ પડવું એક ખતરનાક ચલન સ્થાપિત કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ વિરદ્ધ મામલો ચલાવનાર ડિસ્ટ્રીક્ટ એટર્ની પણ બાઈડનની પાર્ટી સાથે જોડાયેલા છે. ક્વિનિપિયાક યુનિવર્સિટીના પોલમાં બે તૃતિયાંશથી વધુ અમેરિકનોએ માન્યું કે દેશમાં લોકતંત્ર ધ્વસ્ત થઈ રહ્યું છે. ટ્રમ્પ પર કેસથી ન્યાયિક પ્રણાલીને હથિયાર બનાવવાની વાત પુષ્ટ થઈને એક વિરુપિત લોકતંત્ર રૂપે અમેરિકાની છબિને ફરીથી રેખાંકિત કરી રહી છે. લોકતંત્રનો મર્મ તો એ જ છે કે સત્તાધીશ પોતાની શક્તિનો દુરુપયોગ રાજકીય પ્રતિદ્વંદ્વીઓ વિરુદ્ધનહીં કરે. તેમ છતાં લોકતંત્રોમાં ન્યાયિક તંત્રના દુરુપયોગથી નેતાઓ પર કેસોના ચર્ચિત મામલાનું ચલણ વધી ગયું છે. બ્રાઝિલના વર્તમાન રાષ્ટ્રપતિ લૂલા ડા સિલ્વાનો મામલો લઈએ તો તેમને ૨૦૧૭માં કથિત ભ્રષ્ટાચારના મામલે આરોપ સાબિત કરી જેલમાં નાખી દેવામાં આવ્યા. તેઓ સુપ્રીમ કોર્ટના એ ચુકાદા સુધી જેલમાં જ રહ્યા, જેમાં બ્રાઝિલની શીર્ષ અદાતલે જોયું કે લૂલા વિરુદ્ધ કેસની સુનાવણીવાળા જજનું વલણ પક્ષપાતી હતું. રાષ્ટ્રપતિ બોલસોનારોની સરકારમાં તે જજ દેશના કાયદામંત્રી પણ બની ગયા. જો લૂલા ૨૦૧૮માં જેલમાં ન હોત તો બોલસોનારોનું રાષ્ટ્રપતિ બનવું પણ મુશ્કેલ હોત. અમેરિકાની વાત કરીએ તો બાઈડન જે પ્રકારે પોતાના રાજકીય પ્રતિદ્વંદ્વી પર કાનૂની સકંજો કસી રહ્યા છે, તેનાથી અમેરિકી સમાજમાં વિભાજન વધુ ઘેરું થવાની સાથે જ ધ્રુવીકરણ વધશે. આના પહેલાં ઓગસ્ટમાં કેટલાક ગોપનીય દસ્તાવેજો માટે ટ્રમ્પના આવાસ પર એફબીઆઈએ છાપો માર્યો હતો. મુશ્કેલી એ રહી કે ઉપરાષ્ટ્રપતિ રહ્યા દરમ્યાનવાળા ગોપનીય દસ્તાવેજો બાઈડનના આવાસ પરથી મળ્યા. આખાબોલાપણું ટ્રમ્પની ઓળખ રહી છે, પરંતુ એ પણ સત્ય છે કે રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિને લઈને તેમની ઈમાનદારી અને બિન્ધાસ્તતાએ તેમને 'ડીપ સ્ટેટ'નો નિશાનો બનાવી દીધા.

# હવે આર્થિક રિક્વરીના સંકેત મળ્યા



કોરોના મહામારી આવ્યા બાદ કેન્દ્ર સરકારે દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં ઝડપથી આગળ વધવાના સંકેત આપ્યા છે. આના માટે સતત જાહેરાત પણ કરવામાં આવી છે. જો કે પહેલાથી જે યોજના અમલી છે તે યોજના તરફ મજબુત ઈચ્છાશક્તિ સાથે સરકાર આગળ વધી શકી નથી. કોરોના બાદ જીડીપીમાં ૨૦ ટકાનો ઉછાળો આવ્યા બાદ નવા સંકેત મળી રહ્યા છે. આર્થિક રિક્વરી થઇ રહી છે. સરકારની મેક ઈન ઈન્ડિયા યોજનાને લઈને હાલમાં ચારેબાજુ ટિકા ટિપ્પણી થઈ રહી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ યોજનાને વધારે પારદર્શક અને અસરકારક બનાવે તે જરૂરી છે. આને લઈને કંપનીઓ વધારે સક્રિય થાય અને આના મારફતે જંગી રોકાણ આવે તે પણ જરૂરી છે. ટિકા ટિપ્પણીના દોર વચ્ચે સરકાર હવે મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે તૈયારી કરી ચુકી છે. જેના ભાગરૂપે ટુંક સમયમાં જ એક નીતિ લાગુ કરવામાં આવનાર છે. સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે આ નીતિ હેઠળ સરકાર પોતાના અને ભારતીય રેલવેના ઉપયોગ માટે ભારતમાં ઉત્પાદન કરી રહેલી કંપનીઓ પાસેથી વાર્ષિક આશરે બે લાખ કરોડ રૂપિયાની ચીજવસ્તુઓની ખરીદી કરનાર છે. સંરક્ષણ સંબંધી વસ્તુઓ આ નીતિ હેઠળ આવશે નહી. ખરીદીની ચીજોની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી પરંતુ મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાની દિશામાં આને એક ઐતિહાસિક પહેલ તરીકે ગણવામાં આવે છે. અલબત્ત કોમ્પ્યુટર, મોબાઈલ, સ્ટેશનરી અને દવા ઉપરાંત સ્ટીલ અને એલ્યુમિનિયમનો ઉલ્લેખ પણ આ પ્રસ્તાવમાં રહેલો છે. આ નીતિને ગ્લોબલ સ્તર પર સંરક્ષણવાદી નિતી તરીકે ગણવામાં ન આવે તે માટે ડબલ્યુટીઓના નિયમોને સંપૂર્ણરીતે પાળવામાં આવનાર છે. ડબલ્યુટીઓમાં એવી બારી ખુલ્લી છે કે જો સરકારી ખરીદીનો ઉદ્ધેશ્ય વેપારી નથી તો સરકાર આમાં સ્થાનિક પેદાશોને વધારે મહત્વ આપી શકે છે. સુચિત ખરીદી નીતિનો ઉદેશ્ય ભારતીય કંપનીઓને ભારતમાં જ ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહન આપવાનો છે. જોરશોરથી લોંચ કરવામાં આવેલા મેક ઈન ઈન્ડિયા અભિયાનમાં હજુ સુધી પુરતા પ્રમાણમાં મુડીરોકાણ આકર્ષિત કરવામાં આવ્યુ નથી. કેટલાક રોકાણના મોટા પ્રસ્તાવ ચોક્કસ પણે આવ્યા છે પરંતુ હજુ કાગળથી બહાર પ્રોજેક્ટ નિકળી શક્યા નથી. તેમના જમીની અમલમાં હજુ ચાર પાંચ વર્ષ લાગી શકે છે. જેમ કે તાઈવાની કંપની ફોક્સકોન પાંચ વર્ષમાં પાંચ અબજ ડોલરનુ રોકાણ કરવાની યોજના ધરાવે છે. રેલવેને બિહારમાં બે એન્જિન કારખાના સ્થાપિત કરવા માટે ૧૦ હજાર કરોડ રૂપિયાના વિદેશી રોકાણની રકમ એકત્રિત કરવામાં સફળતા મળી છે. પરંતુ આવી જાહેરાતોનો મતલબ એ વખતે જ સફળ ગણી શકાય છે જ્યારે જમીની સ્તર પર આવી યોજના અમલી બને. મેક ઈન ઈન્ડિયાને અપેક્ષા કરતા વધારે ગતિ મળી રહી નથી તેના માટે કેટલાક કારણો પૈકી એક કારણ એ છે કે દેશમાં જે રીતે વેપારી કારોબારી માહોલ સર્જી દેવાની જરૂર છે તેવા માહોલની રચના થઇ શકી નથી. બજારમાં નવી નવી માંગ આવે અને નિકાસમાં સતત વધારો થાય તો જ આ સ્થિતી સર્જાઇ શકે છે. હાલમાં આવી કોઇ ચીજ જોવા મળી રહી નથી. સરકારને દરેક હાથને કામ આપવાનુ વચન ચોક્કસપણે આપ્યુ છે પરંતુ હાલમાં તો જુના કારોબારને બચાવી લેવામાં જ મુશ્કેલી પડી રહી છે. આવી સ્થિતીમાં સ્થાનિક બજારમાં માંગ વધવાની અપેક્ષા કઇ રીતે કરી શકાય છે. આવી સ્થિતીમાં કંપનીઓની સ્થિતી સુધારી દેવા માટે સરકારી ખરીદીનો રસ્તો જ વિકલ્પ તરીકે રહે છે. ખરીદી નીતિ આવી ગયા બાદ અનેક કંપનીઓ નુકસાનની ચિંતામાંથી બહાર આવી જશે. બજારમાં તેમના પગ જામી જશે. પરંતુ આવી કંપનીઓને એક શરૂઆતી ચેતવણી પણ આપી શકાય છે કે એક મુડીવાદી વ્યવસ્થામાં સરકારી ખરીદી તેની વધારે લાંબા સમય સુધી મદદ કરી શકે નહી.



આજકાલ

લેખક : દીપક જગતાપ

### બાબાસાહેબ શ્રમિકોની વચ્ચે જઈને તેમની સમસ્યાનું સમાધાન લાવતા હતા

**ડો. બાબાસાહેબ આંબેડકરના હુલામણા નામથી પણ જાણીતા છે તેઓએ ભારતમાં બૌદ્ધ પુનર્જાગરણ આંદોલનની શરૂઆત કરી હતી તેઓ ભારતના પ્રથમ કાયદામંત્રી હતા તેમને મરણોપરાંત ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી ૧૯૯૦માં નવાજવામા આવ્યા હતા**

# ડો.બાબાસાહેબ આંબેડકરનું બંધારણ આજે પણ વિશ્વમા શ્રેષ્ઠ બંધારણ ગણાય છે

**ડો.આંબેડકર એક રાજકારણી, સમાજ સુધારક અને ઇકોનોમિસ્ટ પણ હતા. એમણે દલિતો, મહિલાઓ અને મજુરોને થતાં અન્યાય સામે અભિયાન ચલાવ્યું હતું ભારતના બંધારણમાં બાબા સાહેબ આંબેડકરનો ખૂબ જ મોટો ફાળો છે ૧૯૪૬માં જ્યારે વચગાળાની સરકાર રચવાનો તેમજ બંધારણ સભા બોલાવીને ભારતનું બંધારણ ઘડવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે ડો. ભીમરાવ બાબા સાહેબ આંબેડકર ભારતની બંધારણ સભામાં ચૂંટાયા હતા**

૧૪ એપ્રિલ ૧૮૯૧ ના રોજ જન્મેલા બાબાસાહેબ આંબેડકરની ૧૩૨ મી જન્મજયંતિ આ વર્ષે દેશભરમા ગૌરવભેર ઉજવવામાં આવી રહી છે. બાબાસાહેબ આંબેડકર (મૂળ નામઃ ભીમરાવ રામજી આંબેડકર) (૧૪ એપ્રિલ ૧૮૯૧ – ૬ ડિસેમ્બર ૧૯૫૬) એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્વચિંતક, નૃ વંશશાસ્ત્રી, ઈતિહાસકાર અને અર્થશાસ્ત્રી તેમજ અનેક વિષયના જ્ઞાતાતરીકે સૌ કોઈ એમને ઓળખે છે. તેઓ ડૉ. બાબાસાહેબ આંબેડકર ના હુલામણા નામથી પણ જાણીતા છે. તેઓએ ભારતમાં બૌદ્ધ પુનર્જાગરણ આંદોલનની શરૂઆત કરી હતી. તેઓ ભારતના પ્રથમ કાયદામંત્રી હતા. તેમને મરણોપરાંત ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી ૧૯૯૦માં નવાજવામા આવ્યા હતા. ડૉ.બાબાસાહેબને તેમના ઘડેલા શ્રેષ્ઠ બંધારણ માટે ખાસ યાદ કરવામાં આવે છે.ડૉ.બાબાસાહેબ આંબેડકરનું બંધારણ આજે પણ વિશ્વમા શ્રેષ્ઠ બંધારણ ગણાય છે. તેમના મહત્વના યોગદાન માટે ૩૧ માર્ચ ૧૯૯૦ ના રોજ તેમને મરણોત્તર સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા. તેમણે માત્ર આઝાદીની લડતમાં જ મહત્ત્વની ભૂમિકા નહોતી નિભાવી, પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે બંધારણ ઘડવાની જવાબદારી પણ લીધી. તેમણે સમાજમાં જાતિ વ્યવસ્થા અને ગેરવર્તનને ખતમ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમનું માનવું હતું કે તમામ જ્ઞાતિના લોકોને સમાન અધિકાર મળવા જોઈએ જેથી કોઈ પણ રીતે ભેદભાવ ન થાય. તેમણે તેમના જીવનકાળ દરમિયાન ઘણી મહત્વપૂર્ણ હિલચાલમાં પણ ભાગ લીધો. બાબાસાહેબ આંબેડકરને તેમના જીવનમાં ખૂબ ત્રાસ સહન કરવો પડ્યો હતો, પરંતુ તેમણે ક્યારેય કમજોર વ્યક્તિનો સાથ છોડ્યો નહીં. આ જ કારણ છે કે તેઓ હજી પણ લોકોના હૃદયમાં જીવિત છે. આજે પણ તે જ આદર સાથે તેમને યાદ કરવામાં આવે છે.બાબાસાહેબ શ્રમિકોની વચ્ચે જઈને તેમની સમસ્યાનું સમાધાન લાવતા હતા.

તેમની જન્મજયંતિની દેશ-વિદેશમાં પણ ઉજવવામાં આવે છે. આ દિવસે લોકોને બાબાસાહેબની કૃતિઓ વિશે કહેવામાં આવે છે. એટલું જ નહીં, સ્થળે સ્થળોએ કાર્યક્રમો યોજીને સમાજમાં દુષ્કર્મો દૂર કરવા અપીલ પણ કરવામાં આવે છે. શેરીઓમાં શેરી નાટકો દ્વારા લોકોને જાગૃત કરવામાં આવે છે. આ ઉપરાંત ચર્ચા-વિચારણા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે. ભારત રત્ન ડૉ. આર.આંબેડકર જીવનના ૬૫ વર્ષમાં વિવિધ ક્ષેત્રે, સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક, ધાર્મિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, ઔદ્યોગિક, બંધારણીય વગેરેમાં અસંખ્ય કાર્યો કરીને રાષ્ટ્ર નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

બાબાસાહેબ આંબેડકર એક સમયે શ્રમમંત્રી પણ રહ્યા હતા. તેઓ એકમાત્ર શ્રમ પ્રધાન હતા જેમણે કામદારોની વચ્ચે જઈને કામદારોની વ્યવહારિક મુશ્કેલીઓ સમજી અને તેના નિરાકરણો શોધ્યા. તેમણે મજૂરોને વીમો અને મહિલા મજૂરોને સમાન વેતન અને વધારાની પ્રસૂતિ રજા આપવાની વાત કરી. શ્રમજીવીઓ માટે પણ અનેક હિતકારી કાર્ય કરનાર નેતા બાબાસાહેબ આંબેડકરની અત્યારના સમયમાં જરૂર વર્તાઈ રહી છે. કોરોનાની મહામારીના સમયમાં જ્યારે મજૂર અને નાના વેપારીઓની હાલત કથળી રહી છે ત્યારે નિષ્ણાતો બાબાસાહેબની નીતિઓને અચૂક યાદ કરતા રહે છે. ડૉ.આંબેડકર એક રાજકારણી, સમાજ સુધારક અને ઈકોનોમિસ્ટ પણ હતા. એમણે દલિતો, મહિલાઓ અને મજુરોને થતાં અન્યાય સામે અભિયાન ચલાવ્યું હતું. ભારતના બંધારણમાં બાબા સાહેબ આંબેડકરનો ખૂબ જ મોટો ફાળો છે. ૧૯૪૬માં જ્યારે વચગાળાની સરકાર રચવાનો તેમજ બંધારણ સભા બોલાવીને ભારતનું બંધારણ ઘડવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે ડો. ભીમરાવ બાબા સાહેબ આંબેડકર ભારતની બંધારણ સભામાં ચૂંટાયા હતા ત્યારે પહેલી વાર તેમણે તત્કાલીન ભારતના દલિત સમાજના પ્રશ્નોને સરકાર સમક્ષ રજૂ કર્યા હતા. ૧૯૪૭માં ડો. ભીમરાવ બાબા સાહેબ આંબેડકર ભારતના પ્રથમ કાયદાપ્રધાન બન્યા. આંબેડકર પોતે એક દલિત પરિવારના હતા જેમને સ્પર્શ કરવાનો અધિકાર પણ આપવામાં આવતો ન હતો. એવા કાદવમાં તેઓ કમળ બનીને બહાર આવ્યા હતા. ભારતરત્ન ભીમરાવ આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ, ૧૮૯૧માં મધ્યપ્રદેશના મહુ ખાતે અછૂત ગણાતા મહાર પરિવારમાં થયો હતો.

ભીમરાવ બાબા સાહેબ આંબેડકરે ભારતના ઈતિહાસમાં સૌ પ્રથમ વાર છૂત અને અછૂતની માન્યતા સામે અવાજ ઉઠાવ્યો હતો.

આંબેડકર પોતે એક દલિત પરિવારના હતા જેમને સ્પર્શ કરવાનો અધિકાર પણ આપવામાં આવતો ન હતો. એવા કાદવમાં તેઓ કમળ બનીને બહાર આવ્યા હતા. ભારતરત્ન ભીમરાવ આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ, ૧૮૯૧માં મધ્યપ્રદેશના મહુ ખાતે અછૂત ગણાતા મહાર પરિવારમાં થયો હતો.



બાબા સાહેબ આંબેડકરનું મૂળ નામ ભીમરાવ હતું. તેમના પિતા શ્રી રામજી વાલદ માલોજી સકપાલ મહો મેજર સુબેદારના હોદ્દા પર સૈન્ય અધિકારી હતા. તેમણે અને તેમની પત્ની ભીમાબાઈએ તેમની સેવાનું છેલ્લું વર્ષ કાલી પલ્ટન ખાતેના જન્મસ્થળ સ્મારક સ્થળની બેરેકમાં વિતાવ્યું. ભીમરાવનો જન્મ ૧૮૯૧ માં ૧૪ એપ્રિલના દિવસે બપોરે ૧૨ વાગ્યે થયો હતો, જયારે રામજી સુબેદાર ફરજ પર હતાં. બાળકનો પ્રારંભિક સમય કબીર પંથી પિતા અને ધર્મ પ્રરાયણ માતાના ખોળામાં શિસ્તબધ્ધ હતો. બાળક ભીમરાવનું પ્રાથમિક શિક્ષણ દપોલી અને સાતારામાં થયું હતું. તેમણે બોમ્બેની એલ્ફિનસ્ટન સ્કૂલમાંથી ૧૯૦૭ માં મેટ્રિક ની પરીક્ષા પાસ કરી હતી. અમેરિકાની કોલમ્બિયા યુનિવર્સીટીમાંથી પી.એચ.ડી. ડિગ્રી, તેમના પી.એચ.ડી.સંશોધનનો વિષય હતો, 'બ્રિટીશ ભારતમાં પ્રાકૃતિક નાણાનું વિકેન્દ્રીકરણ.' તેમણે ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૭ દિવસની સખત મહેનત દ્વારા સમાનતા, બંધુત્વ અને માનવતા પર આધારિત ભારતીય બંધારણની તૈયારી કરી અને રાષ્ટ્રીય એકતા માટે દેશના તમામ નાગરિકોને ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. અખંડિતતા અને પ્રતિષ્ઠા ગૌરવની સંસ્કૃતિ એ ભારતીય સંસ્કૃતિને છલકાવી દીધી. ૧૯૫૧ માં તેમણે મહિલા સશક્તિકરણ ની હિન્દુ સહિતા પસાર કરાવવાનો પ્રયાસ કર્યો અને જો પાસ ન થયો તો સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા પ્રધાન તરીકે રાજીનામું આપ્યું. વર્ષ ૧૯૫૫ માં, ભાષાકીય રાજ્યો પર તેમની ગ્રંથ પ્રકાશિત કરીને, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર,ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર ને નાના અને વ્યવસ્થાપિત રાજ્યોમાં ફરીથી ગોઠવવાની દરખાસ્ત કરવામાં આવી, જે ૪૫ વર્ષ પછી કેટલાંક રાજ્યોમાં સાચી પડી.

આંબેડકરના પિતાનું નામ રામજીભાઇ માલોજી સકપાલ અને માતાનું નામ ભીમાબાઇ હતું. માત્ર છ વર્ષની ઉંમરે ભીમરાવે તેમના માતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. બાળપણથી જ તેઓ હોશિયાર હતા. તેમની સાચી અટક સકપાલ હતી પણ તેમના સ્કૂલના એક શિક્ષકે તેમની અટક બદલીને આંબેડકર કરી નાખી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતનું બંધારણ કાંઈ રાતોરાત ઘડાઈ ગયું નથી. પંડિત મોતીલાલ નહેરૂએ એક રિપોર્ટ તૈયાર કર્યો હતો, તે પછી ભારતના બંધારણ માટેની હિલચાલ શરૂ થઈ હતી. તે પછી વર્ષ ૧૯૪૦ ની 'ઓગસ્ટ ઓફર' અને વર્ષ ૧૯૪૬ ની કેબિનેટ મિશન યોજના પછી બંધારણસભાની રચના થઈ હતી. બંધારણસભા માટે થયેલી ચૂંટણીઓમાં કોંગ્રેસે બહુમતી મેળવી, પરંતુ મુસ્લિમ લીગે બંધારણસભાનો બહિષ્કાર કરતા બ્રિટિશ પાર્લામેન્ટે બે બંધારણસભાઓની રચના કરવાનું ઠરાવ્યું, અને અહીંથી ભારત-પાક.ના અલગ-અલગ બંધારણના મૂળ પડી ગયા. ભારતના ભાગલા પડતા બંધારણસભાના ૬૯ સભ્યો પાકિસ્તાની બંધારણસભામાં જોડાયા, જ્યારે ચાર મુસ્લિમ પ્રતિનિધિઓ ભારત સાથે રહ્યા. ભારતમાં તે પછી મુસ્લિમ લીગ વચગાળાની સરકારમાં પણ જોડાઈ. બંધારણ સભાના પ્રમુખ ડો. રાજેન્દ્રપ્રસાદે તક આપતા ડો. આંબેડકરે કરેલા ઐતિહાસિક પ્રવચન પછી બંધારણ ઘડવાની પ્રક્રિયાને વેગ મળ્યો.

ડો. આંબેડકરના સૂચન મુજબ બંધારણ સભાએ ૧૩ સમિતિઓ રચી, જેમાં ડ્રાફ્ટીંગ કમિટીના પ્રમુખ તરીકે ડો. આંબેડકરની વરણી તા. ૨૯ ઓગસ્ટ ૧૯૪૭ ના થઈ. આ સમિતિમાં કનૈયાલાલ મુનશી, અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર, સૈયદ મહંમદ અબ્દુલ્લા, એન. ગોપાલસ્વામી આયંગર, ડી.પી. ખૈતાન અને બી.એલ. ચિત્તર જેવા દિગ્ગજ સભ્યો હતાં. તે સમયે ભારતને આઝાદી મળી ગઈ હતી, અને પ્રથમ પ્રધાનમંડળમાં કાયદામંત્રી ઉપરાંત બંધારણનો ડ્રાફટ ઘડવાની જવાબદારી ડો. આંબેડકર પર આવી પડી હતી, જે ડો. આંબેડકરે ભારે પરિશ્રમ કરીને નિભાવી હતી. બંધારણસભામાં ડો. આંબેડકરે તા. ૨૫ નવેમ્બર ૧૯૪૯ ના ડો. આંબેડકરની પ્રશંસા થઈ, અને તે પછી રાષ્ટ્રપતિને ભારતીય બંધારણ સુપ્રત થયું. ભારતીય બંધારણ જડ અને સંકૂચિત ન રહે તે માટે જરૂર પડ્યે બંધારણીય સુધારાની જોગવાઈ પણ એ બંધારણમાં જ થઈ હતી, તેથી આઝાદી મળ્યા પછી અસંખ્ય સુધારાઓ બંધારણમાં થયા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ડૉ. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ પ્રસંગે હું તેમને વંદન કરું છું. આ દેશ તેમના માટે હંમેશા બંધારણ બંધુ તરીકેના યોગદાન માટે હંમેશા ઋણી રહેશે. આધુનિક ભારતનો પાયો નાખવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી છે.બાબા સાહેબ ની પ્રેરણાથી આપણે એક જ પાયા પર નવું ભારત બનાવી રહ્યાં છીએ.કાયદા અને ન્યાય પ્રધાન હતા. ભારતીય બંધારણના પિતા અને ભારતના પ્રજાસત્તાકના ઘડ્વૈયામાં એક હતાં. ડૉ. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ પ્રસંગે હું તેમને વંદન કરું છું.આ દેશ તેમના માટે હંમેશા બંધારણ બંધુ તરીકેના યોગદાન માટે હંમેશા ઋણી રહેશે.આધુનિક ભારતનો પાયો નાખવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી છે.બાબા સાહેબ ની પ્રેરણાથી આપણે એક જ પાયા પર નવું ભારત બનાવી રહ્યાં છીએ. ભીમરાવ આંબેડકર માનતા હતા કે તમામ જાતિના લોકોને સમાન અધિકાર મળવો જોઈએ જેથી કોઈ પણ રીતે ભેદભાવ ન થાય તેમણે તેમના જીવનકાળ દરમિયાન ઘણી મહત્વપૂર્ણ હિલચાલમાં પણ ભાગ લીધો. દલિત પરિવારમાંથી આવતા.બી.આર. આંબેડકરને તેમના જીવનમાં ખુબ ત્રાસ સહન કરવો પડયો પરંતુ કોઈ સંવેદનશીલ વ્યક્તિને કહી છોડ્યો નહીં.આજ કારણ છે કે તેઓ હજી પણ લોકોના હ્ર્ધ્યમાં જીવિત છે તે હજી પણ સમાન માન અને આદર સાથે યાદ કરવામાં આવે છે.





### વહેલી તકે બુલેટ ટ્રેન દોડાવાશે : મોટી સંખ્યામાં યાત્રી હશે તો જ લાભ

**આ માર્ગ પર યાત્રી ભાડુ આશરે ૩૦૦૦ રૂપિયા રહેવાની શક્યતા છે હાલમાં ભાડા અને ખર્ચને લઇને ગણતરી ચાલી રહી છે આર્થિક રીતે બુલેટ ટ્રેન એક વખતે જ લાભનો સોદો થશે ત્યારે મોટી સંખ્યામાં લોકો સમગ્ર દિવસ દરમિયાન ટ્રેનમાં મુસાફરી કરશે**

# બુલેટ ટ્રેનને લઇને લાભ નુકસાન

**અમદાવાદ-મુંબઇ વચ્ચે વિમાની ભાડુ બે હજાર છે ત્યારે ત્રણ હજાર ખર્ચ કરીને બુલેટ ટ્રેનમાં કેટલા લોકો મુસાફરી કરવાનુ પસંદ કરશે ?**

બુલેટ ટ્રેનને વહેલી તકે દોડાવવા માટે યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યુછે. ઘણી જગ્યાએ તો કામ પૂર્ણ પણ થવા આવ્યુ છે. જમીન અધિગ્રહણની કામગીરી પૂર્ણ કરાઇ છે. આર્થિક સલાહકારો દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં બુલેટ ટ્રેન પર ખર્ચ ૨૫૦ કરોડ રૂપયા પ્રતિ કિલોમીટરની આસપાસ થવાની શક્યતા દેખાઇ રહી છે. આશરે ૪૧૫ કિલોમીટર લાંબા મુંબઇ અને અમદાવાદ રૂટ પર ખર્ચનો આંકડો આશરે એક લાખ કરોડ રૂપિયાની આસપાસ રહેવાની શક્યતા છે. આ માર્ગ પર યાત્રી ભાડુ આશરે ૩૦૦૦ રૂપિયા રહેવાની શક્યતા છે. હાલમાં ભાડા અને ખર્ચને લઈને ગણતરી ચાલી રહી છે. આર્થિક રીતે બુલેટ ટ્રેન એક વખતે જ લાભનો સોદો થશે ત્યારે મોટી સંખ્યામાં લોકો સમગ્ર દિવસ દરમિયાન ટ્રેનમાં મુસાફરી કરશે. જ્યારે મુંબઇ-અમદાવાદ વચ્ચે વિમાનીભાડુ બે હજાર રૂપિયા છે ત્યારે કેટલા લોકો એવા હશે જે ત્રણ હજાર રૂપિયા ખર્ચ કરીને બુલેટ ટ્રેનથી યાત્રા કરવાનુ પસંદ કરશે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર હાલમાં કામ ચાલી રહ્યુ છે. આ કામ ઝડપથી આગળ પણ વધી રહ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આને ડ્રીમ પ્રોજેક્ટ તરીકે ગણવામાં આવે છે. આ રૂટ પર યાત્રી ભાડુ ૩૦૦૦ રાખવાની હિલચાલ ચાલી રહી છે. આર્થિક રીતે તેનાથી ફાયદો થશે કે કેમ તેની ચર્ચા હાલમાં લાંબા સમય સુધી રહી શકે છે. વિમાની યાત્રા માટેનુ ભાડુ પણ આ ટ્રેનના ભાડા કરતા ઓછુ છે ત્યારે આ ટ્રેનમાં મુસાફરી કોણ કરશે તે મોટો પ્રશ્ન છે. સામાન્ય રીતે વિકસિત દેશોમાં અને કેટલાક વિકાસશીલ દેશોમાં બુલેટ ટ્રેન એ વખતે સફળ રહી છે જ્યારે તેમાં દિવસ દરમિયાન વધારે સંખ્યામાં યાત્રી યાત્રા કરે છે. સાથે સાથે યાત્રી ભાર એટલો હોય કે દર ૧૦ મિનિટમાં એક ટ્રેન દોડાવવામાં આવે તો આ પ્રોજેક્ટને સફળ ગણી શકાય છે. સાથે સાથે ભાડુ પણ ઓછુ હોય તો તેને વધારે સફળતા મળી શકે છે. જાપાનની બુલેટ ટ્રેન સેવા ટોકિયો અને ઓસાકા વચ્ચે ચાલે છે. ભારે વસ્તી ધરાવતા આ ક્ષેત્રમાં બનાવવામાં આવેલી આ સુવિધા ઉપયોગી સાબિત થઇ રહી છે. અહીં સાડા ચાર કરોડથી વધારેની વસ્તી છે. ટોકિયો અને ઓસાકા વચ્ચે અંતર ૫૧૫ કિલોમીટર છે. જેને બુલેટ ટ્રેન ત્રણ કલાકના સમયમાં કાપે છે. સાથે સાથે વચ્ચે માત્ર બે સ્ટેશન પર રોકાય છે. ટ્રેનની ગતિ ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની છે. દરેક ટ્રેનમાં ૧૬ બોગી છે. ૧૩ ટ્રેનો દર કલાકે ચાલી રહી છે. યુરોપમાં પણ વધારે વસ્તી ધરાવતા ક્ષેત્રોમાં વિમાની ભાડાની તુલનામાં બુલેટ ટ્રેન ભાડુ ઓછુ હોવાના કારણે બુલેટ ટ્રેનમાં મુસાફરી કરવાનુ લોકો પસંદ કરે છે. દક્ષિણકોરિયામાં શિયોલ અને બુસાન વચ્ચે બુલેટ ટ્રેન દોડે છે. આ ટ્રેનમાં ૭૦ ટકા યાત્રી મુસાફરી કરે છે. ફ્રાન્સીસી હાઇ સ્પીડ રેલ પેરિસ અને લિયો લાઇન પર શરૂ કરવામાં આવી છે. આ માર્ગ ૪૫૦ કિલોમીટર વચ્ચે છે. મુખ્ય રીતે પરમાણુ ઉર્જા પર આધારિત હોવાના કારણે બુલેટ ટ્રેન અપેક્ષા કરતા સસ્તી છે. ફુકુસીમા હોનારત પહેલા જાપાનમાં પણ બુલેટ ટ્રેન પરમાણુ ઉર્જા પર આધારિત હતી. લોસ એન્જલસ અને સેન ફ્રાન્સીસકો વચ્ચે બુલેટ ટ્રેન ચાલે છે. જો કે ૫૮ અબજ અમેરિકી ડોલરની જંગી રકમ ખર્ચ કરવા માટે સેનેટે મંજુરી આપી ન હતી. સ્પેન અને આર્જેન્ટિનામાં પણ વધતી જતી બેરોજગારી વચ્ચે આ યોજનાને મંજુરી મળી શકી નથી. શુ ભારતમાં આ પ્રકારની સમસ્યાને ઉકેલી લેવામાં આવી છે. જ્યાં માનવી અને પશુ રેલવે લાઇનમાં ઘુસી જાય છે. કેટલીક રેલ દુર્ઘટનામાં સેંકડો લોકોના મોત થઈ જાય છે. આવી સ્થિતીમાં બુલેટ ટ્રેન ચલાવવા અને મોટી માત્રામાં ખેડુતો પાસેથી જમીન અધિગ્રહણ કરવાની બાબત યોગ્ય છે કે કેમ. બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઇને હવે ઘણુ કામ કરવામાં આવી ચુક્યુ છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર આગળ વધતા પહેલા કેટલાક મુદ્દાને ઉકેલી લેવાની જરૂર છે.બુલેટ ટ્રેન પ્રોજેક્ટ એક સપનુ છે અને જરૂરી છે. પંરતુ બીજા તેની સાથે જોડાયેલા મામલાને હાથ ધરવાની જરૂર છે. એક શક્તિશાળી દેશમાં તમામ પ્રકારની બાબતો હોવી જોઇએ .






Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# આ છે જામફળની 5 ઉત્તમ જાત

જામફળની શ્રેષ્ઠ જાત વિશે વાત કરવામાં આવે છે ત્યારે પંત પ્રભાતનું નામ સૌથી પહેલા આવે છે. જામફળની આ એક ખૂબ જ અનોખી જાત છે. આ જાત કૃષિ યુનિવર્સિટી પંતનગર દ્વારા વિકસાવવામાં આવી છે. પંત પ્રભાત એક ઝાડમાંથી 120 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે. જામફળની ખેતી સમગ્ર ભારતમાં થાય છે, પરંતુ અલ્હાબાદી જામફળની વાત અલગ છે. અલ્હાબાદી જામફળ તેના સ્વાદ અને સુગંધ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. તે એકદમ સફરજન જેવું લાગે છે. એટલા માટે લોકો તેને સેબિયા જામફળ પણ કહે છે. કહેવાય છે કે અલાહાબાદી જામફળની ખેતી બાદશાહ અકબરના સમયથી કરવામાં આવે છે. આવી સ્થિતિમાં લોકો વિચારે છે કે અલ્હાબાદી જામફળની ખેતી કરીને જ સારી આવક (Farmers Income) મેળવી શકાય છે, પરંતુ એવું નથી. જામફળની આવી ઘણી જાતો છે, જેની ખેતી બમ્પર ઉપજ આપશે.



## પંત પ્રભાત

